

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

પેટ્રોલ હોળીનો સરકાર શાંતિથી શેક લે છે,
કપાય જીવ મધ્યમોનો એ કાપીને કેક લે છે!
ટેક્ષ લે છે દારૂ્યા પર લોખંડી ડામ દઈ -
હલતું નથી પેટે પાણી ને નિરાંતે 'પેગ' લે છે!
(વેરા તો નહીં જ ઘટે! ભાવ-ભડથું)

હાઈકુ

માણે મોજથી
વેરાઓની ઉજાણી
પિલાય ઘાણી...
(ગરીબોનું નિકળે તેલ)

વાહન છોડો!
ને થઈ જાવ હવે -
પગ-નિર્ભર...!!
(ચાલતાં શીખો!)

### ચિંતન

**મહત્સંગઃ તુ દુર્લભ અગમ્યઃ અમોઘઃ ચા**

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂત્રમાં લેવામાં આવેલ છે.

મહાત્માનો સંગ દુર્લભ,અગમ્ય અને અમોઘ છે.

આ સંસારમાં સ્વધર્મપરાયણ, સદાચારી, સાધુ સ્વભાવ અને દૈવી સંપદાવાળા પુરુષોની પ્રાપ્તિ બહુ જ દુર્લભ છે, અને એવો કોઈ પુરુષ મળી જાય તો પણ તેને ઓળખાવો એ બહુ મુશ્કેલ છે.

મહાત્માને ઓળખવા મુશ્કેલ કાર્ય છે, કારણ કે એ લોકો પોતાની મહાનતા છુપાવી રાખે છે. જે સાધકે આ જન્મ અથવા તો પૂર્વજન્મમાં કડક તપશ્ચર્યાથી સદ્‌ગુણો પ્રાપ્ત કર્યા હોય છે તે જ મહાત્માઓની મહાનતા ઓળખી શકે છે અને કૃપાપાત્ર બને છે. આળસુ અને પ્રમાદી માનવી માટે તો સત્કૃપાનો કોઈ અવકાશ જ હોતો નથી.

સૌએ આત્મનિયંત્રણ, બ્રહ્મચર્ય, સમતા, મુમુક્ષત્વ, નમ્રતા વગેરે સદ્‌ગુણો કેળવી આપણી જાતને સત્સંગ માટે યોગ્ય બનાવી જોઈએ.

### સુવિચાર

- અસઅલા યે ભી હૈ જાલિમ દુનિયા કા, કોઈ અગર અચ્છા હૈ તો અચ્છા કયું હૈ? - **વસીમ બરેલવી**
- સંબંધો ઘાસની જેમ ફૂટતા નથી, વૃક્ષોની જેમ તેની માવજત કરવી પડે - **જીવનપાથેય**
- સુખની આખી અનુક્રમણિકા, અંદર દુઃખનાં પ્રકરણ,
  તમે જિંદગી વાંચી છે? - **મુકેશ જોષી**
- ગ્રંથથી ગ્રંથી ટળે, ટળે રાગ-દ્વેષ, સાધકને દિશા મળે - **બોધિ વૃક્ષ**
- સચવાય ન સ્વમાન તો એ જિંદગી નથી,
  નાચે નહિ ભગવાન તો એ બંદગી નથી - **બેફામ**
- ભણેલા સમજદાર હોય તેવું ન પણ હોય,
  આપણા ઘણા સંતો અને વિચારકો અભણ હતા - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : શિયાળામાં ગાજર અને કાકડી વધુ લેવાથી માઈગ્રેન મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈ.સ. ૧૯૫૨માં ઈઝરાયલના મહાન વિજ્ઞાની ડૉ. ચેઈમ વેજમેનનું અવસાન થયું. તેમની વિદાયથી ખાલી પડેલું અકાદમીનું અધ્યક્ષ પદ ખાલી પડ્યું. ઈઝરાયલ સરકારે આ પદ માટે વિજ્ઞાની આઈન્સ્ટાઈનની વરણી કરવા માટેનો પત્ર લખ્યો. ઈઝરાયલ સરકારને જવાબ પાઠવતા આઈન્સ્ટાઈને લખ્યું, 'આપ અકાદમીના અધ્યક્ષ જેવા મહત્ત્વના હોદ્દા પર મારી વરણી કરવાના આપના નિર્ણય માટે હું આપનો આભારી છું. પણ મારી સમજણ છે કે ઉચ્ચ સરકારી હોદ્દાને હું સ્વીકારી શકું તેમ નથી. આમ કહેવામાં હું કોઈ અભિમાન દર્શાવવા માંગતો નથી. મારું ક્ષેત્ર વિજ્ઞાન છે. અને મને વિજ્ઞાની સંશોધન અને શોધકાર્યમાં રસ છે. કોઈ સંસ્થાના અધ્યક્ષ બનવાનો મને લેશમાત્ર મોહ નથી. મારા મતે હું જનસેવાના કે રાજકીય ક્ષેત્રમાં મારી જાતને હું જરાય કુશળ માનતો નથી. આ ક્ષેત્ર મારા માટે નકામું છે. મારું કાર્યક્ષેત્ર મારી પ્રયોગશાળા જ છે. હું એક સામાન્ય શિક્ષક છું અને હું મારી જિંદગી આમ જ જીવવા ઈચ્છું છું. આ જ મારી જીવનની અપેક્ષા છે.'

ઈઝરાયલ સરકારને આ પત્ર મળ્યો ત્યારે આવા વગદાર હોદ્દાનો અસ્વીકાર કરતો જવાબ વાંચીને સૌ આશ્ચર્યમાં પડી ગયા. વિજ્ઞાનના એક સાચા અભ્યાસુની આવી નિખાલસ વાત વાંચીને સૌ અભિભૂત થયા. કોઈ વિદ્યા કે કલાના એક સાચા ઉપાસકને કોઈ હોદ્દાનો લોભ કદી હોતો નથી.

# હવે, સ્વયંશિસ્ત જ પાળવી પડશે

**તંત્રીસ્થાનેથી...**

ફરી પાછા આપણે મહામારીના પ્રકોપના તબક્કામાં પ્રવેશી ચૂક્યા છીએ. યાદ કરો એ દિવસો - જયારે વડાપ્રધાનશ્રીએ માત્ર ૨૧ દિવસમાં આ બિહામણા વાઈરસને દેશમાં ભગાડી મૂકવાની હાકલ કરી હતી. વિવિધ પ્રકારના ઉપક્રમો યોજી એમને પ્રજાનું મનોબળ ટકાવી રાખવાનો મનોવૈજ્ઞાનિક પ્રયાસ કર્યો હતો. પરંતુ થાળી વગાડવાથી કે દીવો પ્રગટાવવાથી કોરોના ભાગી જવાનો નહોતો. એ કોઈ ઘૂસણઘોર આતંકવાદી નહોતો કે એને હાકલા પડકારાની બીક લાગે. ત્યારે યુરોપ જેવા વૈજ્ઞાનિક દૃષ્ટિએ ભારત કરતાં આગળ નીકળી ગયેલા પ્રદેશણાં કોરોનાએ મોતનું તાંડવ મચાવી દીધું હતું. ભારતમાં એ નવોસવો પ્રવેશ્યો હતો અને ભાજપના રાષ્ટ્રવાદી સંસ્કારો મુજબ સરકાર એનો મુકાબલો કરવા અવૈજ્ઞાનિક રીતરસમો અજમાવી રહી હતી. આખરે કોરોના તો કેર વરસાવીને જ જંપ્યો. છતાં અમેરિકા પછી બીજા નંબરે પહોંચી ગયેલ આપણા દેશમાં મૃત્યુદર ઓછો હતો એનું ગૌરવ લેવાનું આપણે નહોતા ચૂકતા. વારંવાર વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના તબીબો તથા વૈજ્ઞાનિકો આ મુદ્દે વધુ ગંભીર બનવાની ચેતવણી આપતા રહ્યા હતા પરંતુ આપણી પ્રજા નિયમોના અનુપાલન મુદ્દે બેદરકાર જ રહી. પ્રજા તો ઉત્સવપ્રિય છે. વળી પંચાણું ટકા લોકોને માનવ શરીરની એનોટોમી કે ફિઝિયોલોજીનું મુદ્દલ જ્ઞાન નથી. એટલે સરકાર અને 'ભણેલા લોકો' માસ્ક પહેરવાનો આગ્રહ રાખવા લાગ્યા ત્યારે લોકોએ તો નાક ઢાંકવાની તકલીફ લીધી જ નહીં ! ઉદ્ધવ સરકારના અનધડ વહીવટને કારણે મુંબઈ ફરી કોરોનાનું હોટસ્પોટ બની ગયું હતું. વિદેશથી આવનારા પ્રવાસીઓ એનું જોખમ એમની સાથે લઈને પ્રવેશતા રહ્યા. દેશમાંથી કોરોનાન માત આપી ભગાડી મૂકવાનું શ્રેય લેવા મથકા નેતાગણને કોરોનાએ જબર ચમત્કાર બતાવ્યા. પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, અહમદ પટેલ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને નવા સવા ચૂંટાયેલા રાજકોટના રાજયસભાના સદસ્ય અભય ભારદ્વાજનો કોરોનાએ કોળિયો કરી લીધો. રસીકરણ શરૂ થતાં જાણે કોરોના હંમેશને માટે ગયો - એવા ભ્રમમાં રાચતા દેશ પર કોરોનાએ ફરી એક વાર સકંજો કસ્યો છે. તહેવારો અને ચૂંટણીઓ કે ક્રિકેટ મેચ જેવા પ્રસંગોમાં પ્રજા ભાન ભૂલીને ભીડનો ભોગ બનતી રહી છે. સુફિયાણી સલાહ આપનારા નેતાગણ - પછી એ કોઈ પણ પાર્ટીના હોય - જાતે જ કોરોના નિયમાવલીને કોરાણે મૂકી રેલીઓ યોજતા રહ્યા, વિજયોત્સવ મનાવતા રહ્યા. એમાં ને એમાં ખુદ ગુજરાતના મુખ્યમંત્રી કોરોનાગ્રસ્ત થયા ! હવે જયારે ખુદ સરકાર વધી રહેલા આંકડા જાહેર કરીને ફરી પાછા અર્ધ-લોકડાઉન જેવી પરિસ્થિતિનું સર્જન કરી રહી છે ત્યારે પ્રજાને સમજી જવાની જરૂર છે. વડાપ્રધાને મુખ્યમંત્રીઓની બેઠક બોલાવીને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. કોરોના અગાઉ સલામત ગણાતા પ્રદેશોમાં પ્રવેશી ચૂકેલ છે. આ વખતનો એનો સપાટો દેશને વધારે ભારે પડી શકે એમ છે. આર્થિક દૃષ્ટિએ પાયમાલ થઈ ગયેલી પ્રજા પર વધુ એક લોકડાઉન થોપી દેવું સરકારને પણ પોસાય એમ નથી. જરૂર છે પ્રજાકીય જાગૃતિની. આપણે જ આપણા બેલી નહીં બનીએ તો સરકાર તો નિવેદનો કરીને બેસી રહેવાની છે.

# પુસ્તક દીયા સમાન !

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



૨૩મી માર્ચ, વિશ્વ પુસ્તક દિવસ છે. અહીં કેટલાંક વિદેશી પુસ્તકોનો પરિચય છે :

(૧) દીવાળી સૌથી મોટો તહેવાર. બીન્ની અમેરિકાની પ્રાથમિક શાળામાં ભણે. નાની બાલિકા. એને શાળામાં બોલવાનો વારો આવ્યો. આ હિન્દુ બાલિકા ઉત્સાહમાં હતી. દિવસો પણ દીવાળીના હતા. એણે વર્ગમાં દીવાળીની વાતો કરી. ચીરોડીથી રંગો દોર્યા. દીવા બતાવ્યા. જલેબી પેંડા ખવડાવ્યા.




પારસી બહેન થ્રીટી ઉમરીગરે આ પુસ્તક લખ્યું છે.આમાં બહુરંગી ચિત્રો બહેન નિધિ અનાણીનાં છે. પુસ્તક ન્યૂયોર્કથી સપ્ટેમ્બર ૨૦૨૦માં પ્રકાશિથ થયું છે. પુસ્તકનું નામ છે : 'બીન્ની'ઝ દિવાળી'.

(૨) કુમાઉંની ટેકરીઓ વચ્ચે ગામ છે કૈંચી. અહીં હનુમાનજીનું મંદિર અને મહારાજની શ્રી નીમ કરૌલી બાબાનું સ્થાનક. ગ્રામજનો એમને હનુમાનજીનો અવતાર માને. કેલિફોર્નિયા-અમેરિકાથી ક્રિષ્નાદાસ આશ્રમમાં આવ્યા. એમને હનુમાન ચાલીસામાં રસ પડ્યો. લાગલગાટ બાર મહિના રહ્યા. પહેલાં લય પકડ્યો, પછી દેવનાગરી લિપિ, અને છેવટે એનો અર્થ. પ્રભુત્વ આવી ગયું. પછી વિદાય લીધી. એને પોતાનું સંગીત વૃંદ હતુ. દેશેદેશમાં ફરે, ચાલીસાનાં લોકસંકીર્તન કરે. પોતે કવિ. સમશ્લોકી અનુવાદ અંગ્રેજીમાં કરે. પુસ્તક લખ્યું : 'ચેઈન્ટિંગ ધ હનુમાન ચાલીસા - ફલો ઓફ ગ્રેસ'. ઈ.સ. ૨૦૧૯માં આની બીજી આવૃત્તિ થઈ.

(૩) ભારતે સમગ્ર વિશ્વને કોઈ સર્વોત્તમ ભેટ આપી હોય તો, તે 'ભગવદ્ ગીતા' છે. પશ્ચિમના લોકો, જેમને કોઈ ભૂમિકા જ નથી, એવા લોકોને આનો પરિચય મળે એવો પ્રયત્ન થયો છે. જેક હૉલી - (Jack Hawley) નું પુસ્તક છે. 'ધ ભગવદ્ ગીતા - અ વૉક થ્રુ ફોર વેસ્ટર્નર્સ'. આની પેપર બૅક આવૃત્તિ માર્ચ, ૨૦૧૧માં પ્રકાશિત થઈ. ભારતના અગ્રણી વર્તમાનપત્ર 'ધ હિન્દુ'માં આની નોંધ લેવાઈ. 'અત્યંત પ્રસન્ન કરે એવો અનુવાદ' લેખકે ભગવાન શ્રીકૃષ્ણના સમગ્ર પ્રવચનને પૂરેપૂરી પ્રામાણિકતાથી પ્રસ્તુત કર્યું છે. 'કેલિફોર્નિયા' થી પુસ્તક પ્રકાશિત થયું છે.

(૪) સિદ્ધાર્થને શાંતિની ઝંખના હતી. ભૌતિક સુખોથી આ ઝંખના સંતોષાઈ નહીં. અંતે એણે શાક્યમુનિ ગૌતમ બુદ્ધનો શરણે આવ્યો. અહીં એનો અર્થ સિદ્ધ થયો. આ નવલકથા ઈ.સ. ૧૯૨૨માં જર્મન ભાષામાં પ્રકાશિત થઈ. લેખક હરમાન હૈસ હતા. એનો પૂર્વાર્ધ એમણે રોમાં રોલાને અર્પણ કર્યો. ઈ.સ. ૧૯૪૬માં આ નવલકથા 'સિદ્ધાર્થ' નોબેલ પુરસ્કાર મળ્યો. ઈ.સ. ૧૯૫૧માં એનો અંગ્રેજીમાં અનુવાદ હિલ્ડા રોસનેરે કર્યો.

ગુજરાતી ભાષામાં આના બે સંક્ષિપ્ત રુપાંથરો થયાં. (૧) રવીન્દ્ર ઠાકોર નો. (૨) દીપક સોલિયાનો. સંસ્કૃતમાં સંક્ષિપ્ત રૂપાંતર જૈન મુનિ કીર્તિવિજયજીએ કર્યું હતું. એ ઈ.સ. ૨૦૧૩માં ગોધરાથી પ્રકાશિત થયું છે.

(૫) સમગ્ર મહાભારતથી કથાને આધુનિક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં મૂકવાનો પ્રયત્ન થયો છે. જયાં - કલૉદ-કાર્યેર એ ફ્રેંન્ચમાં મહાનાયક 'મહાભારત' ની રચના કરી. પીટર બ્રૂક આનો અંગ્રેજીમાં અનુવાદ કરતા. એ એના દિગ્દર્શક પણ હતા. ઈ.સ. ૧૯૮૭માં લંડનમાં એનો પ્રયોગ થયો. એ વખતે સુરેશ દલાલ અને ઉત્પલ ભાણાણી હાજર હતા. ઉત્પલભાઈએ આનો ગુજરાતી અનુવાદ ઈ.સ. ૧૯૯૧માં કર્યો અને મુંબઈથી પ્રકાશિત કર્યો.

# દુનિયાનો કયો દેશ સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે?

**ખજાનો**
**અનિલ પટેલ**



## વિશ્વની ભૂગોળ

૧ પ્રવાહ ક્ષેત્રની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી નદી કઈ છે?
(અ) એમેઝોન (બ) નાઈલ
(ક) રાયન (ડ) બ્રહ્મપુત્રા

૨ વિશ્વમાં સૌથી વધુ બોલતી ભાષા કઈ છે ?
(અ) અરબી (બ) હિન્દી
(ક) ફ્રેંચ (ડ) મંડેરિયન

૩ કયા શહેરને એમ્પાયર સિટી તરીકે ઓળખવામાં આવે છે ?
(અ) સાંગાઈ (બ) પેરિસ
(ક) ન્યૂયોર્ક (ડ) જિનિવા

૪ બર્લિન કઈ નદીના કિનારે આવેલું છે ?
(અ) ડાન્યુબ (બ) રાયન
(ક) સ્પ્રી (ડ) થેમ

૫ દ. આફ્રિકાનું ચલણી નાણું શું છે ?
(અ) રુબલ (બ) ડૉલર
(ક) પાઉન્ડ (ડ) રેન્ડ

૬ વિશ્વ પ્રસિદ્ધ આસ્વાન ડેમ કઈ નદી પર છે ?
(અ) નાઈલ (બ) સ્પ્રી
(ક) ડાન્યુબ (ડ) એમેઝોન

૭ જાહોર જલસંધિ કયા બે પ્રદેશોને અલગ કરે છે ?
(અ) મલેશિયા - થાઈલેન્ડ (બ) મલેશિયા - સિંગાપોર
(ક) સિંગાપોર - ઓસ્ટ્રેલિયા (ડ) સિંગાપોર - જાવા

૮ ન્યુઝીલેન્ડની રાજધાની કઈ છે?
(અ) ક્રાઈસ્ટચર્ચ (બ) ડ્યુનેટીન
(ક) વેલિંગ્ટન (ડ) શેરોરુઆ

૯ ડાલિંગ નદી કયા દેશમાંથી વહે છે ?
(અ) ઓસ્ટ્રલિયા (બ) સિંગાપોર
(ક) મલેશિયા (ડ) થાઈલેન્ડ

૧૦ યુરોપની કઈ નદજી કોયલા નદી તરીકે ઓળખાય છે ?
(અ) વોલ્ગા (બ) એબલ
(ક) સેઈન (ડ) રાયન

૧૧ કયું બંદર યુરોપોર્ટ તરીકે ઓળખાય છે ?
(અ) ડોવર (બ) રોડરડેમ
(ક) બિસ્ટલ (ડ) આપેલ પૈકી એક પણ નહીં

૧૨ કયો ખંડ રણપ્રદેશ ધરાવતો નથી ?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) એશિયા
(ક) યુરોપ (ડ) આફ્રિકા

૧૩ દક્ષિણ એશિયાનું સૌથી મોટું રણ કયું છે ?
(અ) થાર (બ) ગોબી
(ક) કાલાહારી (ડ) અટાકામા

૧૪ દુનિયાનો કયો દેશ સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે?
(અ) અમેરિકા (બ) ઓસ્ટ્રેલિયા
(ક) કેનેડા (ડ) ભારત

૧૫ ઈટલીનું રોમ કઈ નદી કિનારે આવેલું છે ?
(અ) ટાઈબર (બ) આર્નો
(ક) પિયાવે (ડ) બ્રેન્ટા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૧૯ માર્ચ : વિશ્વ વિકલાંગ દિવસ
  - અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જયોર્જ ડબ્લ્યુ બ્રુશે સદ્દામ હુસેન સામે આકરા પગલાં લેવા બગદાદ પર સ્ટાઈલના ઓર્ડર આપ્યા (૨૦૦૩)
  - મશહૂર અમેરિકન એકટ્રેસ ગ્લીન કલોસનો જન્મદિવસ (૧૯૪૭)
  - જોસેફ પિલસુડસ્કીને માર્શલ ઓફ પોલેન્ડનું બિરુદ આપ્યું (૧૯૨૦)
  - જીવનરામ કૃપાલાણી (આચાર્ય કૃપાલાણી)નું નિધન (૧૯૮૨)
- ૨૦ માર્ચ : વિશ્વ ચકલી દિવસ
  - કેનેડિયન બાયોકેમીસ્ટ વૈજ્ઞાનિક મૌડ લિનોરા મેન્ટેનનો જન્મદિવસ (૧૮૭૯)
  - ૧૯૭૫થી ૧૯૮૩ દરમિયાન ઓસ્ટેલિયન પ્રાઈમ મિનિસ્ટર તરીકે સેવા આપનાર રાજનેતા માલ્કોમ ફેસરનું અવસાન (૨૦૧૫)
  - ક્રિકેટર મદનલાલનો જન્મદિવસ (૧૯૫૧)
  - સિંગર અલકા યાજ્ઞિકનો જન્મદિવસ (૧૯૬૬)
- ૨૧ માર્ચ : વિશ્વ વન દિવસ
  - પ્રખ્યાત શહેનાઈ વાદક બિસ્મીલ્લાખાંનો જન્મદિવસ (૧૯૧૩)
  - બોલીવુડ અભિનેત્રી રાની મુખરજીનો જન્મદિવસ (૧૯૭૮)
  - અમેરિકન રાષ્ટ્રપ્રમુખ જિમિ કાર્ટરે મોસ્કો ખાતે યોજાયેલ ઓલિમ્પિકનો વિરોધ કર્યો (૧૯૮૦)
  - અમેરિકન સિવિલ રાઈટસ એક્ટિવિસ્ટ માર્ટિન લ્યૂથર કિંગ જુનિયરએ આંદોલન કર્યું (૧૯૬૫)
- ૨૨ માર્ચ : વિશ્વ જલ દિવસ
  - ઈકવલ રાઈટસ એમેડમેન્ટને અમેરિકન સેનેટ દ્વારા પાસ કરવામાં આવ્યું (૧૯૮૭)
  - સાહિત્યકાર રામપ્રસાદ બક્ષીનું નિધન (૧૯૮૭)
  - ઈંગ્લીશ કમ્પોઝર એન્ડ્ર્યુ લોઈડ વેબરનો જન્મદિવસ (૧૯૪૮)
  - પ્રથમ ગોલ્ફ માસ્ટર ટુર્નામેનટ ઓગસ્ટા નેશનલ ગોલ્ફ કલબ જયોર્જિયા ખાતે યોજાઈ (૧૯૩૪)
- ૨૩ માર્ચ : વિશ્વ ક્ષય દિવસ / ભારતીય ડાકજીવન વીમા દિવસ
  - પદ્મશ્રી સન્માનિત કાંકરીયા પ્રાણી સંગ્રહાલયના સર્જક રુબીન ડેવિડનું નિધન (૧૯૮૯)
  - વિશ્વ પ્રસિદ્ધ ફિલ્મ 'ટાઈટેનિક'ને ૧૧ જેટલા એકેડેમિક એવોર્ડ મળ્યા (૧૯૯૮)
  - અમેરિકન અભિનેત્રી જહોન કાઉફોર્ડનો જન્મદિવસ (૧૯૦૮)
  - મોરારજી દેસાઈ ભારતના વડાપ્રધાન બન્યા (૧૯૭૭)
- ૨૫ માર્ચ :
  - મહારાષ્ટ્રના પ્રખર રાજનીતિજ્ઞ નાના ફડનવીસનું નિધન (૧૮૦૦)
  - સા.અરેબિયાના રાજા ફાયસલની તેમના ભત્રીજાએ હત્યા કરી (૧૯૭૫)
  - 'સેક્સ એન્ડ સિટી' પ્રસિદ્ધ ટેલિવિઝન સિરીઝની અભિનેત્રી સારાહ જેસિકા પારકરનો જન્મદિવસ (૧૯૬૫)
  - કવિ દલપતરામની પુણ્યતિથિ (૧૮૯૮)
- ૨૬ માર્ચ :
  - અમેરિકન મહિલા રાજનીતિજ્ઞ નેન્સી પેલોસીનો જન્મદિવસ (૧૯૪૦)
  - વાલ્ડમીટ પુનિત રશિયાના પ્રમુખ તરીકે ચૂંટાયા (૨૦૦૦)
  - બોક્સિંગ ચેમ્પિયન માઈક ટાઈસનને બળાત્કારના કેસમાં છ વર્ષની જેલની સજા થઈ (૧૯૯૨)
  - અમેરિકન સુપ્રિમ કોર્ટના પ્રથમ મહિલા જજ સેન્ડ્રા-ડે-ઓકોનોરનો જન્મદિવસ (૧૯૩૦)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

તમિનલાડુમાં કયા પક્ષની સરકાર છે ? અને તેના મુખ્યમંત્રી કોણ છે?
જવાબ : AIADMK પક્ષના એડાપાડી કે. પલાનીસ્વામી

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ (૫) હાર્દિક આર મકવાણા : સે-૨૪ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) મહેશ જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૯) મીત ડી પટેલ : સે-૨૩ (૧૦) ધવલ ડી પટેલ : સે-૭

**આ સપ્તાહનો સવાલ**

નંદીગ્રામ મત વિસ્તારમાં મમતા બેનર્જી સામે ભાજપના કયા ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# મોજમાં રહેવું ને માપમાં રહેવું!!

**હળવે હૈયે**
**પ્રકાશ લાલા**



આપણે ત્યાં કહેવાતું આવ્યું છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા (નરવા), બીજું સુખ કોઠીએ જાર... ત્રીજું સુખ ઘરમાં સુલક્ષણા નાર....' જૂના સમયથી ચાલી આવતી આ કહેવતોનો અર્થ સ્પષ્ટ છે : સારું-નરવું શરીર હોય બે ટંક નિરાંતે જમવા મળે એટલું ધન-ધાન્ય હોય અને ગુણિયત પત્ની હોય તો સંસારમાં સુખ જ સુખ છે...

કાળક્રમે કોઈ નર-નારીને તેમના જાત અનુભવના આધારે એમાં થોડો સુધારો કર્યો અને સુખની જૂની વ્યાખ્યા - સમજણનો છેદ ઊડાડતા એવું કહેવાનું શરૂ કર્યું કે 'પહેલુ સુખ તે ઘરમાં મૂંગી નાર....!' અથવા તો 'ઘરમાં બહેનોર ભરથાર...!!'

સંસારમાં બે જણ વચ્ચે થતી ટકટક 'ગમે જ... એ તો થતી જ રહેતી હોય છે... ને થવી જ જોઈએ.... એનાથી જીવનમાં બે પાત્રો વચ્ચે પ્રેમ-સ્નેહ વધતો રહે છે, એકધારી જિંદગીમાં થોડી રંગત ઉમેરાતી હોય છે એટલે 'સુંવાળી ટકટક' આવકાર્ય છે, પરંતુ આ સુંવાળી ટકટક જયારે વાતવાતમાં 'કચકચ'નું ઉગ્ર અને કડવું સ્વરુપ ધારણ કરી લે, પરસ્પર બિન જરૂરી ઘોંચ પરોણ, સલાહ સૂચનાઓનો મારો શરૂ થાય ત્યારે પતિને સ્વાભાવિગ લાગે કે 'પહેલુ સુખ તે મૂંગી નાર...' અને એથી ઉલ્ટું પત્નીને થાય કે 'પહેલું સુખ તે બહેરો ભરથાર...!!' કહેવતોમાં સ્વાનુભવે આવા ફેરફારો સમયાંતરે જોવા મળે જ... શું કહો છો ?

ઘરના વડીલને કાને સંભળાવવાનું ઓછું થઈ ગયું. પરિવારના સભ્યોએ એમને જે કહેવું હોય તે બહુ મોટેથી બોલીને કહેવું પડતું... પરિવારજનો અંદરોઅંદર જે વાતો કરે તે તો વડીલને જરાય સંભળાય જ નહીં... અકળામણ થવા લાગી. થયું કે આ બરાબર નહીં. બહેરાશનો ઈલાજ કરાવવો જ જોઈએ... ગયા કાનના ડૉકટર પાસે. ડૉકટરે તપાસ્યા. કહ્યું કે તમારી શ્રવણેન્દ્રીય વીક થઈ ગઈ હોવાથી તમને ૧૦૦ ટકા બહેરાશ આવી ગઈ છે ડૉકટરે એમના કાનમાં એવું નાનકડું શ્રવણયંત્ર હિયરીંગ એઈડ) ફીટ કરી આપ્યું, જેનાથી સારું સંભળાય પણ મશીન કોઈને દેખાય નહીં... વડીલ તો ખુશ ખુશ થઈ ગયા. ડૉકટરને ફી ચૂકવી ઘરે આવ્યા.

પંદર દિવસ બાદ એમણે ડૉકટરની ફરી મુલાકાત લીધી. ડૉકટરે કહ્યું :'કેમ મશીન બરાબર કામ આપે છે ને? મજા છે ને?'

'ડૉકટર, તમારું મશીન તો બરાબર ચાલ છે, પણ એના કારણે મારે અત્યાર સુધીમાં દસ વાર મારું વીલ બદલવું પડ્યું છે.... આ મશીન પાછું કાઢી લો... હું જેટલું સાંભળતો હતો એટલું બરાબર હતું !!'

કાન કહેતાં શ્રવણ ઈન્દ્રિય સારી હોય - સારું સંભળાય તે સારી વાત છે પરંતુ વધુ પડતું સંભળાય, ન સાંભળવા જેવુંય સાંભળી લેવાય એ સારું નથી હોતું... ખપ પૂરતું સાંભળવું એ જ સુખી થવાનો સારો ને સલામત રસ્તો છે ભાઈ?

કોઈકે સરસ કહ્યું છે કે, 'માણસને બોલતાં શીખવામાં દોઢ-બે વર્ષ લાગે છે પણ શું - કેવું બોપલવું એ શીખવામાં એની આખી જિંદગી નીકળી જાય છે...' કેટલી સાચી વાત છે... માણસને કયારે, કયા શું ને કેટલું બોલવું એનું ભાન ન રહેતા 'મહાભારત' સર્જાતાં હોય છે ને!

બીજી પણ એક વાત છે. દરેક વાતમાં અતિરેક ખોટો. એથી તો કવિ સ્વ. જનાબ શેખાદમ આબુવાલાએ શૅર રચ્યો છે :

'ધરો ધીરજ વધુ પડતો
પ્રણય સારો નથી હોતો,
અતિ વરસાદ કૈં ખેડૂતોને
પ્યારો નથી હોતો...'

એટલે જ બધું પ્રમાણસર - માપમાં રહે અને હોય એ સારું... ખાંડ મીઠી તોય આ દૂધ-દૂધપાકમાં વધારે પડતી તો ના જ નંખાય ને? મીઠું - સોલ્ટ - ભોજનને સ્વાદિષ્ઠ બનાવવા અનિવાર્ય છે પણ પ્રમાણસરનું હોય તો. અન્યથા એ જ મીઠું ભોજન બેસ્વાદ કરી નાખે છે... બસ, એમ પૈસા, પદ-સત્તાનો 'પાવર' આવે ત્યારે જો વ્યક્તિ માપમાં રહી શકે તો કામનું... જો માપ બહાર નીકળી ગયો તો પછી જાતે જ એ માન-સન્માન- બીજાનો પ્રેમ ગુમાવી બેસે છે.

કાપડ ગમે તેટલું મોઘું હોય, એમાંથી કપડા માપસર સિવાયાં હોય તો જ એ શરીરની શોભા વધારશે, આપણા વ્યક્તિત્વને નિખારશે. બાકી, માપ વગરનાં - મોટાં - કપડાં ગમે તેટલાં કિંમતી અને બ્રાન્ડેડ હોય તો પણ એ પહેરેલી વ્યક્તિ લોક-નજરે 'જોકર' કે 'ડાગલા' ઠરવાની એ નક્કી.

એથી જ સઘળું માપસર હોવું જરૂરી જ નહીં, અનિવાર્ય છે. જેને માપમાં મોભામાં રહેતાં ને પ્રસંગોચિત વર્તાવા આવડ્યું એ બીજાનાં દિલ જીત્યો સમજો... આ વિવેક - સૌજન્ય જેણે ગુમાવ્યા એ કાં હાંસીપાત્ર કાં ધ્યાને પાત્ર બનતા જોવા મળે છે.

તેથી 'મોજમાં રહેવું,ની સાથે, 'માપમાં રહેવું...' ગાતા રહેવું ને મૂકતા રહેવું જોઈએ.